Agricultural Research Station
Navsari Agricultural University
Tanchha-392025

# Achievements

૧. ચણાના પાકમાં પિયતની ભલામણ

નર્મદા પિયત વિસ્તારમાં આવેલ બારાપટ્ટીના ખેડૂતોને ચણા જીજી-૨નું ૬૦% વધુ ઉત્પાદન લેવા માટે ડાળીઓ ફુટવાની અવસ્થાએ પિયત આપવાની ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૦૫)

૨. દિવેલા (જીએસપી-૫) ના પાકમાં પિયત સાથે કાળા પ્લાસ્ટીકના આવરણની ભલામણ

નર્મદા પિયત વિસ્તારમાં આવેલ બારાપટ્ટીનાં ખેડૂતોને ૫૧% વધુ ઉત્પાદન અને ૨૧% વધુ ચોખ્ખો નફો મેળવવા માટે ચોમાસામાં મોડા વાવેલ દિવેલા (જીએસપી-૫)ના પાકમાં એકાંતરા ચાસે પિયત આપવાની સાથે કાળું પ્લાસ્ટીક (૫૦ માઇક્રોન)નું આવરણ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૦૫)

૩. ચોમાસુ કપાસમાં નિતારનો અભ્યાસ

દક્ષિણ ગુજરાત ખેત હવામાન વિસ્તાર (ખેતી આબોહવા પરિસ્થિતિ-૫)માં ચોમાસુ કપાસ પાકનું બે ચાસ વચ્ચે ૧૨૦ સેમીનું અંતર રાખી વાવેતર કરતાં ખેડૂતોને કપાસના ચાર અથવા બે ચાસ પછી ૨૨.૫ સેમી ઉંડી નીક કરવાની સલાહ આપવામાં આવે છે. આમ કરવાથી ૮૩% વધુ આવક મળે છે.

(વર્ષ ૨૦૦૫)

૪. કપાસની ખેતીમાં ખાતરનો અભ્યાસ

નર્મદા પિયત વિસ્તારમાં આવેલ બારાપટ્ટીમાં કપાસની ખેતી કરતા ખેડૂતોને નફાકારક વધુ ઉત્પાદન મેળવવાની સાથે જમીન સુધારણા માટે ૧૦ ટન/હે છાણિયું ખાતર અથવા ૬ ટન/હે પ્રેસમડ આપવાની ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૦૫)

૫. મગ જીબીએમ-૧

આ જાતે ૯૩૦ કિલો/હેક્ટર દાણાનું ઉત્પાદન આપેલ છે. જે સી.ઓ-૪ જાત કરતા ૨૭.૭૫ ટકા વધુ ઉત્પાદન છે. આ વહેલી પાકતી, મધ્યમ ઉંચી અને કાળા રંગના મોટા દાણા ધરાવે છે. તેમજ પીળો પંચરંગીયો રોગ, ભૂકી છારો અને મેક્રોફોમીના બ્લાયટ (સુકારો) રોગ સામે પ્રતિકારક જાત છે. તે સંગ્રહિત ભેજની પરિસ્થિતિમાં શિયાળુ (રવિ) વાવેતર માટે અનુકુળ છે. આ જાત દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૦૮)

૬. બિન પિયત રવિ જુવાર (જાત બીપી ૫૩) માં આંતરપાકનો અભ્યાસ

દક્ષિણ ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર-૨માં બિન પિયત રવિ જુવાર ઉગાડતા ખેડૂતોને જુવાર (બીપી-૫૩)નું વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે જોડીયા ચાસમાં જુવાર (૪૫ સેમી x ૨૦ સેમી – ૭૫ સેમી) સાથે મગનો આંતરપાક (સીઓ-૪) લેવાની ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૧૫)

૭. રવિ ઋતુમાં સંગ્રહિત ભેજથી બિન-પિયત કાળા મગની ખેતીમાં ખાતર વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાત વિભાગ-૨ કૃષિ આબોહવાકીય પરિસ્થિતિ-૫ માં સંગ્રહિત ભેજમાં બિન-પિયત રવિ કાળા મગ ઉગાડતા ખેડૂતોને કાળા મગ જી.બી.એમ-૧ નું વધુ ઉત્પાદન અને આવક મેળવવા ૧ ટન વર્મીકમ્પોસ્ટ પ્રતિ હેક્ટર સાથે ૫૦% ભલામણ કરેલ ખાતર (૧૦:૨૦:૦૦ ના.ફો.પો. પ્રતિ હેક્ટર) અને બિયારણને જૈવિક ખાતરનો (૩૦ મિલિ રાઇઝોબિયમ અને ૩૦ મિલિ પી.એસ.બી પ્રતિ કિલો બીજ) પટ આપી વાવણી કરવા ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૧૭)

૮. સંગ્રહિત ભેજ હેઠળ રવિ તુવેરમાં વાવણી અંતર અને ખાતર વ્યવસ્થાપનની અસર

દક્ષિણ ગુજરાત વિસ્તારના બારા પટ્ટી વિસ્તારમાં રવિ ઋતુમાં સંગ્રહિત ભેજમાં તુવેર જાત જી.ટી.-૧૦૨નું વાવેતર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન તેમજ ચોખ્ખો નફો મેળવવા ૬૦ સેમી x ૩૦ સેમી અંતરે ભલામણ કરેલ ખાતર (૨૦:૪૦:૦૦ કિગ્રા ના.ફો.પો પ્રતિ હેક્ટર) ઉપરાંત ૧ ટન/હે વર્મીકમ્પોસ્ટ તથા જૈવિક ખાતર રાઇઝોબિયમ અને પી.એસ.બી. (૩૦ મિલિ રાઇઝોબિયમ અને ૩૦ મિલિ પી.એસ.બી પ્રતિ કિલો બીજ) નો પટ આપી વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે.

(વર્ષ ૨૦૧૮)

૯. સંગ્રહિત ભેજ હેઠળ જુવાર બીપી-૫૩ માં બાહ્ય છંટકાવની અસર

દક્ષિણ ગુજરાત ઝોન-૨ ના બારાપટ્ટી વિસ્તારમાં સગ્રહિત ભેજમા રવિ જુવાર (બીપી ૫૩) ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે જુવાર ઘુંટણ સુધી ઉંચાઇ પહોંચે ત્યારે ભલામણ કરેલ ખાતરના જથ્થા (૪૦-૨૦-૨૦ ના.ફો.પો કિગ્રા/હે) ઉપરાંત ૧ ટકા યુરીયા અને ૧ ટકા નોવેલ ઓર્ગેનિક પ્રવાહી ખાતર એક અઠવાડિયાના અંતરે છાંટવાથી વધુ ઉત્પાદન અને નફો મળે છે.

(વર્ષ ૨૦૧૯)

૧૦. સંગ્રહિત ભેજ હેઠળ વિવિધ આવરણની બોરના ઉત્પાદન પર થતી અસર

દક્ષિણ ગુજરાતમાં બોરની વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ચોમાસું પુરૂ થતા બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટીકનું મલ્ચ (૨૫ માઇક્રોન) પાથરવાથી બોરનું વધુ ઉત્પાદન અને નફો મળે છે.

(વર્ષ ૨૦૧૯)

૧૧. બોરના ઝાડ (જાત: ગોલા) માં પોષક તત્વોના બાહ્ય છંટકાવની અસર

દક્ષિણ ગુજરાતમાં બોરની ગોલા જાતનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે બોરના ઝાડ ઉપર ૪ ટકા (૪૦ મિલિ/લિટર) નોવેલ ઓર્ગેનિક લિક્વીડ ન્યુટ્રીઅન્ટનો છંટકાવ ફુલ અવસ્થા, વટાણા અને લખોટી જેવડા ફળ થાય ત્યારે કરવાથી બોરનું વધુ ઉત્પાદન અને નફો મળે છે.

(વર્ષ ૨૦૧૯)